ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૦ ટકા

ગાંધીનગર તાપમાન

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ ચીનમાં ચામાચીડીયાથી ફેલાયો તે પ્રુવ છે... અહી મને લાગે છે ગધેડાથી ફેલાયો હશે..!!

ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાતની કપરા સમયે મદદ કરી તે ગુજરાતીઓ ક્યારેય નહિ ભૂલે : મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાના આ કપરા સમયમાં ગુજરાતની જનતા-જનાર્દનની આરોગ્ય સેવા સુખાકારી માટે ૧૦ કરોડના વિવિધ સાધન સહાય આપવા માટે કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિત ભાઈ શાહનો સમગ્ર ગુજરાત વતી આભાર વ્યક્ત કર્યો છે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે ગુજરાતની કપરા સમયે મદદ કરી છે તે ગુજરાતીઓ ક્યારેય નહી ભૂલે. ગુજરાતની જનતા અને રાજ્ય સરકાર કોરોનાની બીજી લહેર વચ્ચે ગુજરાતને શ્રી અમિત ભાઈ શાહે કરેલી આ મદદ સહાય આશીર્વાદ રૂપ નીવડશે.. શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સંકટના સમયમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ઉપ્લબ્ધ કરાવવામાં આવેલી આરોગ્ય સુવિધાઓ નાગરિકો માટે આરોગ્ય સુખાકારી માં વધુ સહાયક બનશે શ્રી અમિતભાઈ શાહે જી.એમ.ડી.સી. હોસ્પિટલ અને કોલવડા ઓક્સીજન પ્લાન્ટના લોકાર્પણ બાદ પોતાના સંસદીય મત વિસ્તારના કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર સેવા માટે ૧૦ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવેલી આ સાધન સહાય આજે સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી સંબધિત સ્થળોએ પહોચાડવા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર વાહકોએ રવાના કરી હતી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉભી કરેલી આરોગ્ય સુવિધાનો લાભ ૮ લાખથી વધુ ગ્રામીણ લોકોને મળશે

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું કે, શ્રી અમિતભાઈ શાહે કોરોનાકાળમાં પોતાના મત વિસ્તારના લોકોની આરોગ્ય સુવિધાઓની પણ દરકાર કરીને આદર્શ સાંસદનો દાખલો બેસાડયો છે. આ પહેલથી સરકારી હોસ્પિટલોની આરોગ્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બનશેતેમ તેમણે ઉમેર્યું હતું. કોવીડ મહામારીના સમયમાં પ્રજાને જરુરી આરોગ્યસુવિધાઓ મળી રહે તે હેતુથી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા સંસદીય મતવિસ્તારમાં રૂ. ૧૦ કરોડથી વધુ રકમની વ્યવસ્થા કરી છે, જેમાંથી ૧૦૦ બાયપેપ મશીન અને ૨૫ વેન્ટીલેટરની સુવિધા ઉભી થશે. આ બાયપેપ મશીનમાંથી ૫૦ સોલા સિવિલ ખાતે અને ૫૦ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત થશે

. કેન્દ્રીયમંત્રીશ્રીની આ વ્યવસ્થાના પગલે તાત્કાલિક ધોરણે ૬ એમ્બ્યુલન્સ અને ૨ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ અને ૨ મોબાઈલ લેબોરેટરીની સુવિધા જનતાને મળશે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ઉભી કરવામાં આવેલી આ વ્યવસ્થાને પગલે અમદાવાદ જિલ્લાના ૧૬૦ ગામડાઓ, ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ગામડા અને ૪ નગરપાલિકા વિસ્તારની જનતાને રાહત થશે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની આ પહેલના પગલે ગાંધીનગર વિસ્તારની પ્રજાને ૧- એમ્બ્યુલન્સ વાન, ૧- મોબાઈલ ટેસ્ટિંગ વાન અને ૧- આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની સુવિધાનો લાભ મળશે. જ્યારે અમદાવાદ ક્ષેત્રની પ્રજાને ૬ એમ્બ્યુલન્સ વાનનો લાભ મળશે. આ ઉપરાંત અમદાવાદ વિરોચનનગર,સનાથલ, સરદવ અને સોલા સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની સુવિધા પૂરી પાડવામાં આવશે.

અમદાવાદના સાણંદ અને બાવળા વિસ્તારમાં ૨ ડિજિટલ એક્સ રે મશીન, ૨ સોનોગ્રાફી કલર મશીન, ૬ ઓક્સિજન કોન્સનટ્રેટ મશીન, ૧૨ બાયનોક્યુલર માઈક્રોસ્કોપ, ૨ ડિજિટલ એક્સ રે મશીન અને ફિઝિયોથેરાપીના મશીનો ફાળવવામાં આવ્યા છે.

ગાંધીનગર વિસ્તારમાં ૧ સોનોગ્રાફીક મશીન, ૧ ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનેલાઈઝર, ૧ લેપ્રોસ્કોપીક મશીન યુનિટ, ૧ પોર્ટેબલ ઈ.સી.જી મશીન અને ૧ ડેન્ટલ ડિજિટલ એક્સ રે મશીન ફાળવવામાં આવ્યું છે. નગરપાલીકાવાર કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ઉભી કરેલી આરોગ્ય સુવિધાઓ જોઈએ તો બાવળા, સાણંદ, નાનોદરા, વિરોચનનગર, સનાથલ અને સોલા સિવિલ અર્બન હેલ્થ સેન્ટર (યુ.એચ.સી.) માટે એમ્બ્યુલન્સ. સાણંદ-બાવળા માટે મોબાઈલ લેબોરેટરી વાન, ડિજિટલ એક્સ રે મશીન, કલર સોનોગ્રાફી મશીન, બાયનોક્યુલર માઈક્રોસ્કોપ અને ડેન્ટલ ડિજિટલ એક્સ રે મશીનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સરદવ માટે એમ્બ્યુલન્સ વાન, ગાંધીનગર માટે બ્લડ સેલ મોબાઈલ વાન અને આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ તથા કાલોલ-ગાંધીનગર માટે બાયનોક્યુલર માઈક્રોસ્કોપ. કલોલ કોમ્યુનીટી હેલ્થ સેન્ટર (સી.એચ.સી.) માટે સોનોગ્રાફી મશીન ૩ ડી ૪ ડી, ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનલાઈઝર, લેપ્રોસ્કોપી ઓટોમેટિક કેમેસ્ટ્રી અને ડિજિટલ એક્સ રે મશીનનો સમાવેશ થાય છે. આ બધી સુવિધાઓ મળતી થવાને કારણે રાજ્ય સરકારને કોરોના સંક્રમણ નિયંત્રણ સામેના જંગમાં નવી શકિત અને નવી દિશા મળશે એટલું જ નહિ સારવાર વ્યવસ્થાઓ પણ વધુ સુદ્રઢ બનતા કોરોનાગ્રસ્તોની દરકાર અને કાળજી વધુ વ્યાપક પણે લઇ શકાશે.

શ્રી અમિતભાઈ શાહે કોરોનાકાળમાં લોકોની આરોગ્ય સુવિધાઓ વધારી આદર્શ સાંસદનો દાખલો બેસાડ્યો : શ્રી નીતિનભાઈ

ગાંધીનગર વિસ્તારમાં ૧ સોનોગ્રાફીક મશીન, ૧ ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનેલાઈઝર, ૧ લેપ્રોસ્કોપીક મશીન યુનિટ, ૧ પોર્ટેબલ ઈ.સી.જી મશીન અને ૧ ડેન્ટલ ડિજિટલ એક્સ રે મશીન ફાળવવામાં આવ્યું

આજે સવારે વાવોલમાં 'ક' રોડ પર એસબીઆઈ બેંક પાસે વિનામૂલ્યે ઉકાળા વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં કોરોના સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે અને સરકાર સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ કોરોના મહામારીને નાથવાના સામુહિક પ્રયાસમાં યોગદાન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત છેલ્લાં કેટલાંક દિવસથી શહેરમાં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા વિવિધ વિસ્તારમાં વિના મૂલ્યે રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે રવિવારે સવારે ઈન્ડિયન લાયન્સ દ્વારા હેપ્પી યુથ ક્લબના સહયોગથી વાવોલ ખાતે 'ક' રોડ પર એસબીઆઈ બેંક પાસે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમ્યાન વિનામૂલ્યે આયુર્વેદિક ઉકાળાના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વાવોલ ગામ તથા સોસાયટી વિસ્તારના નાગરિકોએ ઉપસ્થિત રહી ઉકાળાનો લાભ લેનવા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ દ્વારા વિનંતી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવામાં આવશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

જન્મદિને વધામણી

ફૈઝાન ખાન

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર ખાતે એક્ઝીબીશન સેન્ટરના ત્રણ ડોમમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ ઉભી કરાશે.

● કોવિડ-૧૯ના સંક્રમણને ધ્યાને લઈ દિવ્યાંગ કર્મયોગીઓ તથા સગર્ભા મહિલા કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ માટેની મંજૂરી રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ગઈકાલે એક પરિપત્ર કરી આપી છે.

● લગ્ન માટે બુક કરાવેલા રંગમંચો કેન્સલ કરાવતાં મનપા તંત્ર દ્વારા ૨૫ ટકા સુધીની રકમ કાપી લેવામાં આવતી હોવાની વાતને લઈ નગરજનોમાં નવી ચર્ચા ઉભી થઈ છે.

● કોવિડ-૧૯ના વધતા જતા સંક્રમણને પગલે અનેકના લગ્નો સ્થગિત થયા.

● ધો. ૧૦ની પરીક્ષા રદ કરો અને ધો. ૧૨ની પરીક્ષા મોકૂફ કરો તેવી માગં સાથે વાલી મંડળે સરકારને પત્ર લખી માંગ કરી છે.

● રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આજે કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં વહેલા પોહંચ્યા હતા અને તેમણે હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો તેમજ વિવિધ જાણકારી પણ મેળવી હતી.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરે એક આદેશ કરી કલેક્ટર કચેરીનું જનસેવા કેન્દ્ર ૧૦મી મે સુધી બંધ રહેશે તેમ જણાવ્યુ છે.

માસ્ક વિના ફરતા નાગરીકો પાસેથી ૩.૫૦ લાખની વસુલાત કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

કોરોના સંક્રમણનો વ્યાપ સતત વધી રહ્યો છે. શહેર જિલ્લામાં કોરોના કહેર બની ત્રાટકી રહ્યો છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલ સહિત ખાનગી દવાખાનામાં પણ દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. ઘરે ઘરે બિમારીના ખાટલા છે. તેમ છતા માસ્ક વિના ફરતા નાગરીકોની સંખ્યા સવિશેષ જોવા મળી રહી છે. ત્યારે જિલ્લા પોલીસ તંત્રએ છેલ્લા ૨૩ દિવસમાં માસ્ક વિના ફરતા ૫ હજાર વ્યકિત પાસેથી રૂ.૫૦ લાખ દંડનીય રકમની વસુલાત કરાઈ છે.

શહેરમાં કોરોના સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે. કોવીડની ગાઈડ લાઈનનું પાલન નહી કરીને બેફામ માસ્ક વિના ફરતા નાગરીકો સામે કડક કાર્યવાહી કરવા માટે ફરીવાર પોલીસ મેદાને આવી ગઈ છે. કોરોના મહામારી વધુ વકરે નહી અને નાગરીકો મોટીસંખ્યામાં માસ્ક પહેરીને ઘરની બહાર નીકળે તે માટે અસરકારક કામગીરી કરવા જણાવાયું હતું. જેથી જિલ્લા પોલીસ શહેરી વિસ્તારમાં તમામ પ્રવેશ દ્વાર પર સવારે અને સાંજે પોલીસ કાફલો મોટીસંખ્યામાં ગોઠવાઈ જતો હતો. માસ્ક વિના ફરતા નાગરીકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે માસ્ક વિના ફરતા વ્યકિતઓ પોલીસ સાથે ઘર્ષણમાં પણ ઉતર્યા હોવાના કિસ્સા સામે આવ્યા છે. કોરોના વધુ ન ફેલાય તે માટે દો ગજની દુરી જરુરી છે.પોલીસ તંત્ર ચોવીસ કલાક કામગીરી કરીને સંક્રમણને અટકાવવા માટે કામગીરી કરી રહી છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ૨૩ દિવસમાં ૫૦૦૦ નાગરીકો માસ્ક વિના પોલીસના હાથે આવી ગયા છે. પોલીસે આ નાગરીકો પાસેથી કોવીડ ગાઈડ લાઈન મુજબ રૂ.૧,૦૦૦ લેખે રૂ. ૫૦ લાખના દંડની વસુલાત કરાઈ છે. કોરોના વધતા વ્યાપ વચ્ચે પણ નાગરીકો જાગૃત બન્યા નથી. માસ્ક વિના ફરતા નાગરીકો દરેક વ્યકિત માટે ઝોખમ ઉભુ કરે છે. ત્યારે દરેક નાગરીકે કોરોના ને અટકાવવા માટે માસ્ક ફરજીયાત પહેરવુ જોઈએ. ત્યારે સૌ પ્રજાજનોને માસ્ક પહેરવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ પણ અપીલ કરી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં ૫ હજાર વ્યકિતઓ સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર સિવિલમાં કોવીડ ઓપીડીમાં દર્દીના સગાઓનો હોબાળો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાની પરિસ્થિતિ દિન પ્રતિદિન વિકટ બની રહી છે. ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો ગ્રાફ સતત ઉંચે જઈ રહ્યો છે. કોવીડ સિવિલમાં દર્દીઓ માટે પથારીઓ ખુટી પડી છે. કોવીડ ઓપીડી બહાર એમ્બ્યુલન્સમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ત્યારે સમયસર સારવાર ના મળતા કોવીડ ઓપીડી બહાર જ એમ્બ્યુલન્સમાં ૪ દર્દીઓએ દમ તોડ્યો હોવાનું જાણવા મળ્યું છે. જેથી દર્દીઓના સગાઓ અને ડોકટર વચ્ચે બોલાચાલી થઈ હતી.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ વૈશ્વિક મહામારી કોરોનાએ હવે વિકરાળ સ્વરુપ ધારણ કર્યુંછે. કોરોના સંક્રમણના કેસમાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. ત્યારે શહેર-જિલ્લાની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ કોરોના દર્દીઓથી ઉભરાઈ રહી છે. કોરોના મહામારી વચ્ચે પણ રાત-દિવસ જોયા વિના કામ કરતા ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, પેરામેડીકલ સ્ટાફ સહિત વર્ગ-૪ના કર્મચારીઓની કામગીરી પણ પ્રશંસનીય છે. ત્યારે ગાંધીનગર કોવીડ ઓપીડી બહાર પણ એમ્બ્યુલન્સની લાંબી લચક લાઈનો લાગે છે. નાગરીકો જીવ બચાવવા માટે વલખા મારી રહ્યા હોય છે. ત્યારે જે દર્દીઓનું ઓકિસજન લેવલ ઓછુ હોય તેવા દર્દીઓને પ્રાથમિકતા આપવી, તે માટે અન્ય દર્દીઓ તેમજ સગાઓએ પણ સહમતિ દર્શાવી હતી. ત્યારે એમ્બ્યુલન્સની લાઈનોમાંથી ૫ જેટલા દર્દીઓ ઓછા ઓકિસજન લેવલ ધરાવતા હતા. સિવિલના સત્તાધિશો પણ ઓછા ઓકિસજન લેવલ ધરાવતા દર્દીઓને પ્રાથમિકતા આપવાની વાતથી સહમત થયા હોવાનું ધ્યાને આવ્યું છે. તેમ છતા કેટલાક કોવીડ ઓપીડીમાં સારવાર માટે બેઠેલા તંત્રના જડ વ્યકિતઓ માન્યા ન હતા. જેને પગલે સારવાર વિના ટળવળીને સિવિલ કેમ્પસમાં જ પાંચ જેટલા દર્દીઓએ દમ તોડ્યો હોવાનું જાણવા મળ્યું છે. જેને પગલે પરિવારજનોએ કોવીડ ઓપીડીમાં હોબાળો મચાવ્યો હતો. ત્યારે એક સમયે પૂર્વ ધારાસભ્ય અશોક પટેલે પણ ઓકિસજન લેવલ ઓછુ હોય તેવા દર્દીઓને પ્રાથમિકતા આપવા માટે સિવિલના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

પુનિત ધામ ખાતે જૈન આચાર્ય પૂ. પ્રસન્ન કિર્તીસાગરસુરીશ્વરજી મ.સા. કાળધર્મ પામ્યાં

ગાંધીનગર તા. ૨૪

ગાંધીનગરના ગ્રામભારતી નજીક જૈન સમાજના પુનિત ધામ ખાતે શ્રીમદ બુદ્ધિસાગર સુરીશ્વરજી મહારાજાના

સંપ્રદાયના ગચ્છાધિપતી આચાર્ય પૂ. સુબોધસાગરસુરીશ્વરજી મ.સા.ના શિષ્ય આચાર્ય પૂ. પ્રસન્નકિર્તીસાગરસુરીશ્વરજી મહારાજ સાહેબ આજરોજ ચૈત્ર સુદ ૧૨ તારીખ ૨૪ એપ્રિલ શનિવારે સાંજે ૪.૦૫ વાગ્યે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે. પૂ.પ્રસન્નકિર્તીસાગરસુરીશ્વરજીની સાંજે ૫.૩૦ કલાકે વિધિવિધાનપૂર્વક અંત્યેષ્ટિ સંપન્ન કરવામાં આવી હતી.

કોરોનામાં જીવ ગુમાવનાર વકીલના પરિવારને બાર કાઉન્સિલ એક લાખની સહાય ચુકવશે

ગાંધીનગર તા ૨૪

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા હોસ્પિટલમાં કોરોના સામે લડત આપતા વકીલોને રૂ ૩૦ હજાર તાત્કાલિક સહાય પેટે આપવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત કોરોનાના લીધે જીવ ગુમાવનાર વકીલને પણ કાઉન્સિલ દ્વારા રૂ ૧ લાખની સહાય ચુકવવામાં આવશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા એકઝિક્યુટીવ કમિટીની બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે આ બેઠકમાં કાઉન્સિલના ચેરમેન હિરાભાઈ એસ પટેલ તેમજ વાઈસ ચેરમેન શંકરસિંહ એસ ગોહીલ, સભ્ય અનિલ કેલ્લા, દિપન દવે, સી કે પટેલ મનોજ અનડકટ સહીતના સભ્યોએ પણ હાજરી આપી હતી. આ બેઠક દરમિયાન કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં વકીલાત કરતા વકીલો પણ આર્થિક વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. કોઈપણ વકીલને કોરોના પોઝીટીવ હોય અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો બાર કાઉન્સિલ દ્વારા કોરોનાનો રીપોર્ટ તેમજ અન્ય વિગતો મળતા જ માંદગી સહાય પેટે વકીલને રૂ ૬૦ હજાર ચુકવવામાં આવશે.જયારે ધારાશાસ્ત્રીના ખાતામાં ત્વરિત રૂ ૩૦ હજાર જમા કરાવી દેવાશે. જયારે જે વકીલનુ કોરોનાના લીધે અવસાન થયુ હશે તેવા કિસસામાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત રૂ ૧ લાખની ત્વરિત સહાય ચુકવશે. જયારે વેકેસિનેશનની કામગીરીને પ્રોત્સાહીત કરવા માટે પણ બાર કાઉન્સિલ ધારાશાસ્ત્રીને ૫૦ ટકા સહાય કરવામાં આવશે. આ ઉપરાંત બેઠક દરમિયાન વરાછા પોલીસ સ્ટેશનમાં એડવોકેટ રજનીકાન્ત મનસુખભાઈ પાચાણીને માર મારવામાં આવ્યો હતો અને ખોટી રીતે તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી આ ઘટનાને પણ બાર કાઉન્સિલ સખત શબ્દોમાં વખોડી કાઢે છે. આ મામલે કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાને પણ રજુઆત કરવામાં આવી છે.

હોસ્પિટલમાં કોવિડની સારવાર લેતા ધારાશાસ્ત્રીને પણ ત્વરિત રૂ ૩૦ હજારની સહાય ચુકવાશે : સુરતમાં પોલીસ દ્વારા વકીલને માર મારવાની ઘટનાને સખત શબ્દોમાં વખોડી : ગૃહમંત્રીને રજૂઆત

વેપારીઓએ સ્વૈચ્છિક રીતે ત્રણ દિવસ માટે સે. ૨૧ ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર બંધ કર્યુ

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં કોરોના સંક્રમણની

જોખમી બનેલી પરિસ્થિતિના કારણે ચિંતાનું વાતાવરણ સર્જાયુ છે. દિન પ્રતિદિન સતત વધી રહેલા કોરોના પોઝીટીવ કેસોના કારણે હોસ્પિટલો અને દવાખાના હાઉસફુલ હોવા સાથે મૃતકોની સંખ્યા પણ વધતાં સ્મશાનોમાં પણ લાઈનો લાગી રહી છે. આ સ્થિતિમાં શહેરમાં અનેક વેપારી સંગઠ્ઠનો દ્વારા સ્વૈચ્છિક લોકડાઉનને અપનાવવામાં આવી રહ્યું છે. અગાઉ જુના સચિવાલય પાસેના મીના બજારના વેપારીઓ દ્વારા રવિવાર સુધી વેપાર-ધંધા બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો, હવે શહેરના સેક્ટર-૨૧ ખાતેના ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરના વેપારી એસોસિએશન દ્વારા આજથી ત્રણ દિવસ સુધી શોપીંગ સેન્ટર બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

કોરોના સંક્રમણની ચેઈન તોડવી હવે ખૂબ જરૂરી બન્યુ છે પરંતુ ગત લોકડાઉનની અર્થતંત્ર પર પડેલી ઘેરી અસરો અને ખાનગી વેપાર-ધંધા પર નભતા નાના વેપારીઓ તેમજ લારી-પાથરણાંવાળા સહિત નોકરી-મજૂરી કરતાં શ્રમજીવીઓની કફોડી બનેલી હાલતને અનુલક્ષીને આ વખતે સરકાર લોકડાઉન લાગુ કરવાનુ ટાળી રહી છે. આ સ્થિતિમાં નાગરિકોએ જાતે પોતાની ફરજ સમજીને કોવિડ ગાઈડલાઈનનું ગંભીરતાપૂર્વક પાલન કરવું જરૂરી બન્યુ છે તેમ છતાં અનેક નાગરિકો જાહેરમાં માસ્ક પહેરવા તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવા બાબતે બેદરકારી દાખવી રહ્યાં છે જેનો ભોગ દરેકને બનવું પડી રહ્યુ છે. આજે ઘેર ઘેર કોરોનાના ખાટલા છે અને હોસ્પિટલો-દવાખાના હાઉસફૂલ થઈ ગયાં છે. આ સાથે સ્મશાનોમાં પણ અંતિમક્રિયા માટે વેઈટીંગ જોવા મળી રહ્યું છે. આ સ્થિતિમાં સ્વૈચ્છિક લોકડાઉનનો અભિગમ શહેરના અનેક વેપારી સંગઠ્ઠનો દ્વારા દાખવવામાં આવી રહ્યો છે. ગાંધીનગરના સેક્ટર-૨૧ના જૂના અને જાણીતા ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારી એસોસિએશનના મંત્રી ભાવેશભાઈએ જણાવ્યું હતું કે સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે અમે શનિ-રવિ અને સોમવાર એમ ત્રણ દિવસ સુધી ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક રીતે લોકડાઉન પાળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી આજથી ત્રણ દિવસ સે. ૨૧ ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર બંધ રહેશે અને મંગળવારથી રાબેતામુજબ શરૂ થશે પરંતુ તેમાં પણ દરેકે ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. અમે ગ્રાહકોને પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા વિનંતી કરીશુ.

શનિ, રવિ અને સોમવાર સુધી શોપીંગ સેન્ટર બંધ રહેશે : ફરી બજાર શરૂ થાય ત્યારે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન ફરજિયાત કરવાનુ રહેશે : ૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારી એસોસિએશનનો નિર્ણય

માહિતી ખાતામાં ફરજ બજાવતા હિમાંશુ નાયકના ધર્મપત્ની રેશ્માબેન નાયકનું દુઃખદ અવસાન

માહિતી ખાતામાં ફિલ્મ પ્રોડક્શન શાખામાં ફરજ બજાવતા શ્રી હિમાંશુભાઈ નાયકના ધર્મ પત્ની શ્રીમતી રેશ્માબેન નાયકનું ૪૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. વિજય એપાર્ટમેન્ટ, વાવોલ, ગાંધીનગર ખાતે રહેતા શ્રી હિમાંશુભાઈ નાયકના ધર્મપત્ની શ્રીમતી રેશ્માબેન નાયક છેલ્લા કેટલાક સમયથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર હેઠળ હતા. આજે બપોરે શ્રીમતી રમાબેનનું દુઃખદ અવસાન થયું છે. રેશ્માબેનના દુઃખદ અવસાનથી સમગ્ર પરિવાર અને સ્નેહીજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. માહિતી પરિવારે નાયક પરિવારને આ કારમો આઘાત સહન કરવા સાંત્વના પાઠવી છે.

શહેરમાં વાતાવરણ પલ્ટો ગરમીનો પારો ૩ ડીગ્રી ગગડયો

ગાંધીનગરમાં ગઈકાલે ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગરમીના પારાની ચઢ ઉતર વચ્ચે વાતાવરણમાં પણ નાટયાત્મક બદલાવ જોવા મળે છે. આજે પણ સવારથી જ હવામાન પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી આકાશમાં વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહેતા ગરમીનો પારો પણ ૩ ડીગ્રી ગગડયો હતો. મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. સવારે અને સાંજે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધ્યુ હતુ. વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. શહેરમાં ગરમીના આકમક મિજાજ વચ્ચેઆજેફરી એકવાર વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી જ મોસમનો મિજાજ બદલાયેલો રહ્યો હતો. સવારથી આકાશમાં વાદળો ઘેરાઈ આવતા ગમે ત્યારે વરસાદ આવશે તેવી સંભાવના પણ પ્રબળ બની હતી. સવારથી સર્જાયેલુ વાદળિયુ વાતાવરણ દિવસ દરમિયાન રહ્યુહતુ. સાંજના સમયેપણ વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં અષાઢી નઝારો જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો ૩ ડીગ્રી નીચે ઉતરી ગયોહતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી નોંધાયુ હતુ જયારે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૩ ડીગ્રી નીચે ઉતરતા નગરજનોએહીટવેવમાંરાહત અનુભવી હતી. દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચેનગરજનોનેઆકરાતાપમાંથી પણ છુટકારો મળ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનમાં સતત વધ ઘટ જોવા મળી રહી છે.

ગુજરાતના નાગરિકોનો જીવ બચાવવા પ્રધાનમંત્રીને પત્ર લખી રજુઆત

કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. હોસ્પિટલમાં જગ્યા મળતી નથી ત્યારે સરકાર આગ લાગે ત્યારે કુવો ખોદવા જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેર વસાહત મહાસંઘે આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ અમિત શાહને પત્ર લખી રજુઆત કરી છે. જેમાં નાગરિકોનો જીવ બચાવવા માટે યોગ્ય વ્યવસ્થા થાય તે અંગે રજુઆત કરી છે. શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ પત્રમાં રજુઆતમાં જણાંવ્યા મુજબ ગુજરાત સરકાર આગ લાગે ત્યારે કુવો ખોદવા નિકળે છે. તેવો ઘાટ સર્જાયો છે. કોરોનાની પહેલી લહેર શરૂ થઈ ત્યારથી જ આગામી સંજોગોને ધ્યાને લઈ નાગરિકોની અગમચેતી રૂપે સારવાર કરવાની જરૂર હતી.